# ઊંઝા નગરપાલિકા દ્વારા વિવિધ વિકાસ કામોમાં કથિત ગેરરીતિઓ થકી વ્યાપક ભ્રષ્ટાચારની બુમ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા નગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક વર્ષ દરમિયાન કરોડો રૂપિયાના ખર્ચે થયેલ વિવિધ વિકાસકામોમાં કથિત ગેરરીતિઓ થકી વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોઈ આવા કામોની તાંત્રિક તપાસણી થાય તેવી લોક લાગણી ઉઠી છે.

ઊંઝા નગરપાલિકા દ્વારા લગભગ છેલ્લા કેટલાક વર્ષ દરમિયાન સર્વાંગી વિકાસના ગુલાબી ચિત્રો ઉપસાવી ગ્રાન્ટોની માગણીઓ કરી લાવીને વિકાસને લગતા જુદા જુદા કામો કરવામાં આવ્યા છે. તેમજ હાલમાં પણ કરોડોના ખર્ચે નવા કામો થઈ રહ્યા છે. કહે છે કે વિવિધ વિકાસ કાર્યો પાછળ જે નાણાં ખર્ચાયા છે તેવાં કામોમાં ગેરરીતિઓ થકી હલકી ગુણવત્તાવાળા કામો થયા છે. અને આમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના લોકોમાં આક્ષેપો થઈ રહ્યા છે. જે કામો થયેલ છે તે પૈકી મોટાભાગના કામો નીતિ નિયમો મુજબ વ્યવસ્થિત થયેલ નથી. અને પ્રજાકીય કામોના નામે ભ્રષ્ટાચાર દ્વારા હલકી ગુણવત્તાવાળા કામો થયાનું ચર્ચાસ્પદ બન્યું છે. શહેરી વિસ્તારમાં જે કામો થયા છે તેની કોઈ ચકાસણી થઈ નથી એટલે સરકાર દ્વારા ઉચ્ચકક્ષાએથી જે તે કામોની ઝીણવટભરી ઉંડી તપાસ થાય તો કેટલા સાચા અને કેટલા ખોટા તેની ખાત્રી થઈ શકે તેમજ તેની પાછળ ભ્રષ્ટાચારના કથિત ઉત્તમ નમૂના બહાર આવવાની સંભાવના છે.

ઉપરોક્ત બાબતે ખરેખર સત્ય શું છે તે અંગે સરકારે ઉચ્ચકક્ષાએથી નિષ્ઠાવાન અધિકારી મારફતે તટસ્થ રીતે તપાસ કરાવવી જોઈએ તેવું લોકોમાં બોલાય છે. વિકાસને લગતા કામોમાં ઠેકેદારો, અધિકારીઓ તથા પદાધિકારીઓની કથિત મીલીભગતથી ટકાવારીના નામે વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાનું ચર્ચાય છે.

# ડીસા શહેરમાં નજીવી બાબતે અફવા ફેલાતાં હંગામો


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૫

ડીસા શહેરના નવા બસ સ્ટેશન પાસે એક નાની ઘટનાએ થોડીક વારમાં મોટુ સ્વરૂપ પકડી લીધુ હતું.

મળતી માહિતી મુજબ નવા બસ સ્ટેશન પાસે ખુણામાં એક પ્રેમી યુગલ વાતચીત કરતુ હતું તે દરમ્યાન એક બીજો યુવાન છોકરો ત્યાં આવી બોલાચાલી કરતા મામલો બિચક્યો હતો. થોડીક વારમાં પોલીસ ત્યાં પહોંચી હતી અને યુવાનને પડકારતા યુવાને રોડ વચ્ચે સુઈ ટ્રાફિક જામ કર્યો હતો. તેના પ્રત્યાઘાત સ્વરૂપે બજારમાં કોમી હુલ્લડ થયુ હોવાનું લોકોમાં અફવા અને ભય ફેલાયો હતો. જો કે ડીસા શહેરનો કાયદો અને વ્યવસ્થા છેલ્લા ઘણા સમયથી બગડેલો છે. ડીસા શહેરમાં ખુલ્લે આમ અસામાજીક તત્વો યેન કેન પ્રકારે મધ્યમ વર્ગના અને પૈસાદાર લોકોના બાળકોને મારી, બ્લેક મેઈલ કરી કે ઝઘડા કરી પૈસા પડાવવાની ઘટનાઓ અવાર નવાર બને છે. અસામાજીક તત્વો દ્વારા નજીવો એક્સીડન્ટ કરી અથવા તો કોઈ જગ્યાએ કોઈ બે પ્રેમી પંખીડાઓ વાતચીત કરતા હોય તો આવા અસામાજીક તત્વો વચ્ચે પડી આવા લોકોનું બ્લેક મેઈલીંગ કરી પૈસા પડાવતા હોય છે. ડીસા શહેરની પોલીસ નજર સમક્ષ તમામ લારીઓ વાળા ઉપર આવા અસામાજીક તત્વોનો હપ્તો પહોંચતો હોય છે. પોલીસ પોતે જ આવી અસામાજીક તત્વોને પ્રોત્સાહન આપે છે. મજુરી કરી પેટીયુ રળતા આવા લારીઓ વાળા ઉપર આવા અસામાજીક તત્વો જુલમ કરી રહ્યા છે. પરંતુ પોલીસ પોતે જ આવા અસામાજીક તત્વોને પ્રોટેક્શન આપે છે. આજની બનેલી આ ઘટનામાં પોલીસ સ્ટેશનમાં કોઈ જ નોંધ પડી નથી. આખા શહેરને થોડી વારમાં અફવાઓના પડીકામાં બાંધી ભય ફેલાવનાર તત્વોને પોલીસ છોડી મુકે છે. આમ પ્રજા ફરીયાદ કરે તો કોને કરે.



# મોડાસાના બસસ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા મામલે રહિશોએ તંત્રને આવેદનપત્ર આપ્યું

## વર્ષોથી ચાલતી આવતી ટ્રાફીકની સમસ્યાથી તહેવારોમાં ભારે હાલાકી વેઠતી મોડાસાની જનતા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ટ્રાફીકની સમસ્યાનો પ્રશ્ન વર્ષોથી ઉદ્ભવેલો છે જેનો આજ દિન સુધી કોઈ જ ઉકેલ મોડાસામાં ટ્રાફીકની સમસ્યા જ્યાં હતી ત્યાં જ છે. મોડાસાના બસસ્ટેશન વિસ્તારમાં આડે દિવસે પણ ટ્રાફીક જામના દશ્યો જોવા મળે છે. અને રમજાન ઈદ, દિવાળી કે નવરાત્રી ઉપરાંત મોડાસાના બસસ્ટેશન વિસ્તાર એ આરોગ્યલક્ષી સેવાઓ માટે હરહંમેશ ભરચક રહેતો હોવાના કારણે અહીં ઈમરજન્સી સેવાઓ માટે દોડતી એમ્બ્યુલન્સના ચાલકોને પણ


(તસવીર : જય અમીન, મોડાસા)

લવાયો નથી. ઉપરાંત બસસ્ટેશન વિસ્તારમાં દિવાળી, નવરાત્રી કે અન્ય તહેવારોના ટાણે ભારે ટ્રાફીક રહેવાના લીધે અકસ્માતનો પણ ભય ટાળી શકાય તેમ નથી. ગામડામાંથી મોડાસામાં ખરીદી માટે આવતી પ્રજાને પણ પોતાનું વાહન ક્યાં મુકવું તે યક્ષ પ્રશ્ન સમાન બની રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજીત થયા પછી અસ્તિત્વમાં આવેલા અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક તરીકે મોડાસાએ સ્થાન પ્રાપ્ત કર્યું છે ત્યારે જિલ્લાના મુખ્ય મથક જેવા તહેવારોના દિવસોમાં તો ખરીદી માટે મોડાસામાં આવતી પ્રજાને પોતાનું વાહન ક્યાં મુકવુ તે યક્ષ પ્રશ્ન સમાન બની રહે છે. પાર્કીંગની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે વાહનો ગમે ત્યાં પાર્ક કરવા પડે છે આખરે ટ્રાફીક પોલીસ દ્વારા દંડાતી પ્રજાને દંડ ભરવો પડે છે. આ વિસ્તારમાં લારી, ગલ્લાઓવાળાના લીધે રોડ પણ દબાઈ જાય છે અને વાહનની અવરજવર માટે યોગ્ય જગ્યા ન હોવાના લીધે ખૂબ જ ટ્રાફીક જામ દેખાય છે. આ ટ્રાફીકનો સામનો કરવો પડે છે.અમુકવાર તો ટ્રાફીકનો ભોગ દર્દીઓને પણ બનવું પડ્યુ હોય તેવા કિસ્સાઓ ભુતકાળમાં બનેલા છે જેના લીધે તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય અને આ વિસ્તારમાં ટ્રાફીક ઓછામાં ઓછા રહે તેવા પ્રયત્ન હાથ ધરાય તે માટે સામાજિક કાર્યકર દેવલ ત્રિવેદી, નિલેશ જોષી, સાગર પંડ્યા અને આનંદ પરમાર જેવા સામાજિક કાર્યકરોએ અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી જઈ આવેદનપત્ર પાઠવ્યો હતો.

## શ્રી વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

શ્રી વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજનો સ્નેહમીલન કાર્યક્રમ યોજાશે. દ્વિતીય નુતન વર્ષ સ્નેહમીલન સમારંભ તા. ૨૬/૧૦/૨૦૧૪ ને રવીવારના રોજ માતૃશ્રી કોદરીબેન લલ્લુભાઈ પંચાલ, સમાજવાડી, ધોલવાણી ખાતે યોજાશે. આ પ્રસંગે પ્રવિણભાઈ પંચાલ, પુરાલવાળા ભાવિક ભક્તોને ભક્તિમય રસપાન કરાવશે. આ પ્રસંગે પંચાલ સમાજના ભાઈઓ તથા બહેનોને સહકુટુંબ ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## અંબાજી ખાતે મહારૂદ્ર અને સતચંડી યજ્ઞ યોજાશે

મા અંબાજી ધામમાં સ્થિત અજ્ઞશાળામાં વિશ્વ કલ્યાણ અર્થે મહારૂદ્ર અને સતચંડી યજ્ઞ આગામી તા. ૧૭મી ઓક્ટોબર ૨૦૧૪ ને શુક્રવારે સવારે ૮ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે સાંજે ૪.૩૦ કલાકે ગણેશ ભુવન પેટ્રોલપંપની બાજુમાં બ્રહ્મસમાજની બ્રહ્મ ચોર્યાશીનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમાજ એકતા કાર્યક્રમના ઉદ્ઘાટન તરીકે ભારત સરકારના પૂર્વ મંત્રી હરિનભાઈ પાઠક અને સમારંભના પ્રમુખ સ્થાને શૈલેષભાઈ જોષી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજને માર્ગદર્શન પુરૂ પાડવા જગદગીશભાઈ દવે, દિલીપાઈ ત્રિવેદી, હરેશભાઈ ભટ્ટ, રાજુભાઈ જોષી, બીજે ભટ્ટ, નરેશ રાવલ, નિશિત વ્યાસ, ભાસ્કરભાઈ ઉપાધ્યાય, જીતુભાઈ મહેતા વગેરે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં હાજર રહેવા સર્વે બ્રહ્મબંધુઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## રાજકોટના મતદારોનો ભાજપ સામે આક્રોશ છે

અમદાવાદ, તા. ૧૫

રાજકોટ પશ્ચિમ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં રાજકોટમાં મતદાતાઓએ કોંગ્રેસ તરફી કરેલ મતદાન બદલ આભાર વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ પશ્ચિમ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ સરકારે તમામ સરકારી મશીનરીનો દુરપયોગ કર્યો હતો. તેમ છતાં મતદાતાઓ એ ભાજપ સરકાર સામે મતદાન કરીને આક્રોશ વ્યક્ત કર્યો છે. રાજકોટ પશ્ચિમ વિધાનસભા બેઠકમાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો અને આગેવાનોએ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર જયંતિ કાલરીયાના સમર્થનમાં સખત મહેનત કરી છે તે તમામ કાર્યકરો અને આગેવાનોને કોંગ્રેસ પક્ષવતી અભિનંદ પાઠવું છું.

## પ્રાંતિજના માર્ગો પર રાત્રિ દરમિયાન ટ્રક ડ્રાઈવરો જહોન અબ્રાહમ બની જાય છે

પ્રાંતિજ, તા.૧૫

અમદાવાદ-હિંમતનગર માર્ગ પર દરરોજ અસંખ્ય ભારેખમ વાહનો બેફામ ગતિએ દોડે છે. દરરોજ હજારોની સંખ્યામાં રેતી અને કપચી ભરીને નિકળતી ટ્રકોના ચાલકો અકસ્માત સર્જે છે ત્યારે હાલ આ ટ્રક ચાલકો રાત્રે ખુલ્લા માર્ગો પર ટ્રકોની રેસ લગાવી રહ્યા છે. અને નાના વાહનો અને રાહદારીઓને અડફેટે લઈ રહ્યા છે જેથી આ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મોટા પ્રમાણમાં કવોરી ઉદ્યોગ અને રેતી ઉદ્યોગ ધમધમી રહ્યા છે. પરીણામે દરરોજ હજારોની સંખ્યામાં લોડીંગ ટ્રક અને રેતી અને કપચી ભરી પુરપાટ ઝડપે દોડી રહ્યા છે. સાંજે આઠ વાગ્યા બાદ પ્રાંતિજ-હિમતનગર માર્ગ પર દોડતા ટ્રક ચાલકો ફેરાની લ્હાયમાં ટ્રકો પુરપાટ ઝડપે દોડાવી રહ્યા છે. ટ્રકોના ચાલકો બેફામ ગતિએ વાહનો ચલાવી વારંવાર અકસ્માત સર્જી રહ્યા છે. આ સંદર્ભે અનેકવાર ટ્રાફિક પોલીસ ને જિલ્લા વહીવટી તંત્રને લેખિતમાં જાણ કરવામાં આવી છે તેમ છતાં કોઈ પગલા ન ભરાતા રહીશોએ આ મામલે ઉગ્ર રોષ વ્યકત કર્યો છે અને સત્વરે બેફામ ગતિએ દોડતા ટ્રકોના ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# પલ્લાચર ગામેથી ૨૦૦ લીટર કેરોસીન પકડાયુ

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે સસ્તા અનાજની દુકાનોમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી રહી પકડાયો હતો. જેથી પુરવઠા વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ પાસે સ્થિત પલ્લાચર ગામે રાત્રીના સમયે કેટલાક શખ્સો પરીણામે પુરવઠા મામલતદારે ઘટના સ્થળે આવી કિ. રૂ. ૨૯૦૦નું ૨૦૦ લીટર કેરોસીન અને કિં. રૂ. ૩૫૦૦૦ ની લોડીંગ રીક્ષા મળી કુલ ૩૭,૯૦૦


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

છે અને દુકાનના સંચાલકો દરરોજ મોટા પ્રમાણમાં પુરવઠો બારોબાર કાળા બજારીયાઓને ઉંચા દામે આપી રહ્યા છે. ત્યારે ગત રોજ પ્રાંતિજના જ પલ્લાચર ગામે રાત્રીના સમયે ૨૦૦ લીટર ગેરકાયદેસર કેરોસીનનો જથ્થો સસ્તા અનાજની દુકાનમાંથી ૨૦૦ લીટર કેરોસીન બેરેલમાં ભરી બેરલ લોડીંગ રીક્ષામાં નાખી લઈ જતા હતા. આ ઘટના અંગે ગામના સરપંચને જાણ થતા સરપંચ વિરભદ્રસિંહ રાઠોડે તુરંત પુરવઠા વિભાગને જાણ કરી હતી. નો મુદ્દામાલ કબજે કર્યો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે માત્ર ૨૦૦ લીટર કેરોસીનના જથ્થા માટે કાર્યવાહી ૧૮ થી ૨૦ કલાક સુધી ચાલતા હાલ આ મામલો પ્રાંતિજમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# કોમ્પ્યુટરનો ખર્ચ ઉઠાવવામાં ગ્રાન્ટેડ શાળાઓ અસમર્થ છે

## રાજ્ય સરકારે ફાળવેલા કોમ્પ્યુટર તેમજ તેમાં અપાયેલા ઈન્ટરનેટ કનેક્શન ખર્ચ ખુબ વધુ : ખામી પણ સર્જાય છે

અમદાવાદ, તા.૧૫

રાજ્ય સરકારે ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ અને ઈન્ટરનેટ સર્ફીંગની સુવિધા મળી રહે તે માટે બે સંસ્થાઓ સાથે કરાર કર્યા હતા. જે પૈકી એક સંસ્થા સાથેનો કરાર પૂર્ણ થયો છે. આ કરાર પૂર્ણ થતાં જ હવે અમદાવાદ સહિત રાજ્યભરની ગ્રાન્ટેડ શાળાઓ માટે સરકારે ફાળવેલા કોમ્પ્યુટર્સ અને તેમાં અપાયેલ ઈન્ટરનેટ કનેક્શનનો ખર્ચો ઉઠાવવો મુશ્કેલ બન્યો છે. અત્યાર સુધી કોમ્પ્યુટરમાં સર્જાતી ખામીના સમારકામનો ખર્ચ અને ઈન્ટરનેટના ભાડાનો ખર્ચ સરકાર ઉઠાવતી હતી. જો કે કરાર પૂર્ણ થયા બાદ આ ખર્ચ હવે ગ્રાન્ટેડ શાળાઓ ઉપર આવતા શાળાઓની ઓછી ગ્રાન્ટમાં તેનો નિભાવ કરવાનું કામ મુશ્કેલ બન્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્ય સરકારે ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તથા ઈન્ટરનેટ મારફતે વિદ્યાર્થીઓ અવનવી માહિતી મેળવી શકે તે માટે અમદાવાદ સહિત રાજ્યભરની શાળાઓને ૧૦ કોમ્પ્યુટર, તેનું ઈન્ટરનેટ જોડાણ અને આ માટે જરૂરી ટેબલ ખુરશી આપ્યા હતા. આ માટે રાજ્ય સરકારે એનઆઈઆઈટી અને આઈએલ એન્ડ એફએસ નામની સંસ્થાઓ સાથે પાંચ વર્ષના કરાર કર્યા હતા. આ બંને સંસ્થાઓના કો-ઓર્ડિનેટર્સ હસ્તક રાજ્યભરની ગ્રાન્ટેડ શાળાઓની વહેંચણી કરી દેવામાં આવી હતી. જે મુજબ કો-ઓર્ડિનેટરે તેમના હસ્તકની શાળાઓ ખાતે જઈને વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું શિક્ષણ આપવા ઉપરાંત કોમ્પ્યુટરમાં સર્જાતી ખામીનું નિરાકરણ પણ કરતાં હતા. આ સમારકામ તેમજ ઈન્ટરનેટ ભાડા સહિતનો ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવતી હતી. હવે આ સંસ્થાઓ પૈકી એનઆઈઆઈટીનો પાંચ વર્ષના કોન્ટ્રાક્ટ પુરો થયો છે તેમજ આઈએલ એન્ડ એફએસનો કોન્ટ્રાક્ટ પુરો થવાની તૈયારીમાં છે ત્યારે ગ્રાન્ટેડ શાળાઓ માટે આ કોમ્પ્યુટર્સનો નિભાવ ખર્ચ અને ઈન્ટરનેટનાં ભાડાનો ખર્ચ ઉઠાવવો પોષાય તેમ નથી આવી સ્થિતિમાં રાજ્યની શાળાઓ દ્વારા કોન્ટ્રાક્ટને ફરીથી રિન્યુ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારા કાર્યક્રમો શરૂ

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-૧૫ અંતર્ગત મતદાર યાદીમાં નામ નોંધાવવા, રદ કરવા તથા અન્ય વિગતો સુધારવા ૧૫-૧૦-૧૪થી ૧૦-૧૧-૧૪ સુધી અમદાવાદ જિલ્લામાં ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી હોવાનું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એનવી ઉપાધ્યાયે જણાવ્યું હતું. અમદાવાદ જિલ્લામાં ૧-૧-૧૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની રૂપરેખા આપતા ઉપાધ્યાયે વધુમાં જણાવ્યું કે તા. ૧૯-૧૦-૧૪ તથા તા. ૨-૧૧-૧૪ના રોજ વાંધા સ્વીકારવા માટેની ખાસ ઝુંબેશ રાખવામાં આવી છે. આ દિવસોએ નિયોજિત સ્થળોએ બુથ લેવલ ઓફિસરો હાજર રહેશે. મતદારો મતદાર યાદીમાં પોતાના નામની ચકાસણી કરી શકે તે માટે વેબસાઈટ www.ceogujarat.nic.in પર અને એસએમએસ દ્વારા વિગત જાણવા માટે મોબાઈલ "epic<space>epic number" લખી ૮૫૧૧૧ ૯૯૮૯૯ ઉપર એસએમએસ કરવો.

# દબાણ હટાવવા ગયેલી ટુકડી ઉપર પથ્થરમારો

અમદાવાદ, તા. ૧૫

શહેરમાં આજરો નિકોલ પાસે ગેરકાયદેસર દબાણ હટાવવા ગયેલી એમએમસીની ટીમ પર પથ્થરમારો થયો હતો. અહીં આવેલા બળીયાદેવ નગર ટેકરા પાસે સરકારી જમીન પર થયેલા દબાણ હટાવવા માટે એએમસીની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે થઈ હતી. એએમસીની ટીમ દબાણો હટાવતા રોષે ભરાયેલા લોકોએ પથ્થરમારો શરૂ કરી દીધો હતો. લોકોએ એએમસીની ટીમ સાથે આવેલી પોલીસની ટીમ પર પણ પથ્થરમારો કર્યો હતો. જેમાં જેસીબી અને પોલીસની વાનના કાચ તુટી ગયા હતા. જો કે પછીથી પોલીસે લોકોને કાબુ લેતા એએમસીએ ગેરકાયદેસર દબાણો તોડી પાડ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦